# ઈંધણા વીણવા ગઈતી મોરી સહિયર.. ઈંધણા વીણવા ગઈતી રે....


ગ્રીનવેલી વેસુ


હિંમતનગર વરાછા




ગ્રીનવેલી પાલ


ભૂવાડાન્સ પાલનપુર પાટિયા

# પૌરાણિક વાવથી કોમી એકતા સુધી ગોપીતળાવના ખોખલી માતાજીનો અનોખો મહિમા



સુરતના ઐતિહાસિક નવસારી બજાર વિસ્તારમાં આવેલું ગોપી તળાવ શહેરના ગૌરવવંતા અતીતની અનેક સ્મૃતિઓ સાચવીને બેઠું છે. આ જ પરિસરમાં બિરાજમાન 'શ્રી ખોખલી માતાજી'નું સ્થાનક માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર નથી, પરંતુ સન્માન ખાતર અપાયેલા એક બલિદાન અને અનોખી કોમી એકતાની જીવંત દાસ્તાન છે.

આ પવિત્ર ધામનો ઈતિહાસ સુરતના નવાબી શાસનકાળ સાથે જોડાયેલો છે. લોકવાયકા મુજબ, માતાજીની અનન્ય ઉપાસક એવી એક કુંવારી કન્યા પર વિધર્મીઓની કુદ્રષ્ટિ પડી અને તેનું શીયળ લૂંટવાનો અધમ પ્રયાસ થયો. પોતાના આત્મસન્માન અને પવિત્રતાની રક્ષા કાજે એ કન્યાએ આર્તભાવે જગદંબાને પ્રાર્થના કરી, હાથમાંથી ફૂલનો દડો નાંખ્યો અને સ્વયં સતી થઈ ગઈ. કન્યાના આ સતીત્વ અને દેવત્વને વંદન કરવા ગોપી તળાવની પૌરાણિક વાવનાં પગથિયાં ઊતરતાં જ એક ગોખમાં માતાજીની સ્થાપના કરવામાં આવી હતી. સમય જતાં વાવ અતિ જર્જરિત થતાં બંધ થઈ, પરંતુ માતાજી પ્રત્યેની લોકશ્રદ્ધા અવિરત વહેતી રહી.

> **ખોખલા માતાની માનતા માત્ર હિન્દુઓ પૂરતી સીમિત નથી; મુસ્લિમો સહિત અન્ય કોમના લોકો પણ રોગમુક્તિ માટે શ્રદ્ધાભેર અહીં શીશ ઝુકાવે છે.**

સુરતીઓમાં આ સ્થાનક 'ખોખલી માતા' તરીકે પૂજાવા પાછળ એક ચમત્કારિક પરચો વણાયેલો છે. બાળકો કે વડીલોને જ્યારે અસાધ્ય ઉધરસ (ખોખલી) કે કફની ગંભીર બીમારી થાય, ત્યારે લોકો અહીં આવી બાધા રાખે છે. માતાજીની મૂર્તિ પરથી જળની લોટી ઓવારીને એ પવિત્ર પાણી દર્દીને પીવડાવવામાં આવે છે અને અસાધ્ય ઉધરસ ચમત્કારિક રીતે ગાયબ થઈ જાય છે એવી અડગ લોકમાન્યતા છે. સૌથી સુંદર પાસું એ છે કે આ માનતા માત્ર હિન્દુઓ પૂરતી સીમિત નથી; મુસ્લિમો સહિત અન્ય કોમના લોકો પણ રોગમુક્તિ માટે શ્રદ્ધાભેર અહીં શીશ ઝુકાવે છે.

માતાજીની કૃપાથી સંકટો ટળતાં કૃતજ્ઞ બનેલા ભાવિકોએ ભેગા મળીને ઈ.સ. ૧૯૯૪માં અહીં ભવ્ય નવા મંદિરનું નિર્માણ કર્યું. જેમાં મહેશભાઈ જરીવાલા અને ભીખુભાઈ વાલેકરના તૃટવમાં શંકરભાઈ કાનુરકર દ્વારા નવી મનોહર પ્રતિમા અર્પણ કરવામાં આવી, જ્યારે સ્થાનિક મરાઠી સમાજના અગ્રણીઓએ શાસ્ત્રોક્ત વિધિથી પ્રાણ-પ્રતિષ્ઠા સંપન્ન કરી. ગોપી તળાવના ખોળે દબકતું ખોખલી માતાજીનું આ ધામ સુરતના ઇતિહાસ, સતીત્વના ગૌરવ અને સર્વધર્મ સમભાવનું એક વિરલ પ્રતીક છે.



વિમ્મી વિષ્ણુ ચેવલી

# 'ગુજરાતમિત્ર'ના અહેવાલ બાદ ઈકોસેલે જૂની ફાઈલોની ધૂળ ખંખેરી

**ઇકો** સેલના ઇતિહાસમાં પહેલીવાર ૬-૮ મહિના જૂની પેન્ડિંગ અરજીના ફરિયાદીને બોલાવી રહ્યાં છે

### સારોલી અને સલાબતપુરા લેભાગુ વકીલો અને વચેટિયાઓનો અડ્ડો

શહેરના ટેક્સટાઈલ વેપાર સાથે સીધા સંકળાયેલા સારોલી, અને સલાબતપુરા પોલીસ મથકોની હાલત સૌથી બદતર બની ચૂકી છે. આ પોલીસ મથકોમાં ચોક્કસ લેભાગુ વકીલો અને દલાલોની ટોળકીએ કાયમી અડ્ડો જમાવી લીધો છે. પરિણામે, પ્રમાણિક વકીલો કે સીધા-સાદા વેપારીઓને ત્યાં કાયદેસરની એન્ટ્રી પણ મળતી નથી. ઠગાઈનો ભોગ બનેલા વેપારીઓ અહીં માત્ર લૂંટાવા માટે જ આવતા હોય તેવી સ્થિતિ વર્ષોથી ચાલી રહી છે. પોલીસ કમિશનર વાબાંગ જમીર જો આ ત્રણેય પોલીસ મથકોની કામગીરી અને ત્યાં વર્ષોથી જામી ગયેલી વચેટિયાઓની સિન્ડિકેટ પર સીધી તવાઈ બોલાવે, તો સુરતના ૨૦ લાખથી વધુ વેપારી આલમને ખરા અર્થમાં ભયમુક્ત ન્યાય મળી શકે તેમ છે.

સુરતઃ 'ગુજરાતમિત્ર'માં ઈકોનોમિક સેલ અને પોલીસ મથકોમાં ચાલતી વહીવટી લાલીયાવાડી સામે અવાજ ઉઠાવવામાં આવ્યા બાદ ખાખી વર્દીમાં મોટો ધરખમ ફેરફાર જોવા મળી રહ્યો છે. જોઈન્ટ સીપી કરણસિંહ વાઘેલાએ સમગ્ર મોરચો પોતાના હાથમાં સંભાળી લેતાં જ અંદાજે ૧૦૦૦ જેટલી પેન્ડિંગ ફરિયાદોનું ફેર-મૂલ્યાંકન શરૂ થયું છે. ઈકો સેલના ઈતિહાસમાં કદાચ પહેલીવાર એવું બની રહ્યું છે કે ૬ થી ૮ મહિના જૂની અરજીઓ પર પોલીસ સામેથી ફરિયાદી વેપારીઓને ફોન કરીને બોલાવી રહી છે.

ગૃહમંત્રી હર્ષ સંઘવીના ગૃહ જિલ્લામાં ખુદ ગૃહમંત્રાલયે સીધો રસ દાખવ્યો હોય તેમ સિસ્ટમમાં રાતોરાત મોટો ધરમૂળથી બદલાવ જોવા મળ્યો છે.

પીઆઈ કક્ષાના અધિકારીઓ ફરિયાદીઓને સામેથી બોલાવી નિવેદનો લેવા માંડતાં ક્રાઈમ બ્રાન્ચ અને સેલમાં વહીવટના નામે તોડબાજી કરતા ભ્રષ્ટ અધિકારીઓના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. જોઈન્ટ સીપીના આ કડક વલણને પગલે દોઢથી બે હજાર ભોગ બનનાર વેપારીઓને ન્યાય મળવાની પ્રબળ શક્યતાઓ ઊભી થઈ છે.

# અડાજણના બંગલામાં આગ ફાટી નીકળી, પાંચનો બચાવ




**જલારામ** સોસાયટીના પહેલા માળે શોર્ટ સર્કિટથી લાગેલી આગમાં ફર્નિચર સહિતનો સામાન બળીને ખાખ

સુરતઃ અડાજણની જલારામ સોસાયટીમાં રવિવારે એક બંગલાના પહેલા બેડરૂમમાં આગ લાગત દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, જલારામ સોસાયટીના બંગલા નંબર 35માં બપોરે આગનો કોલ મળતાં અડાજણ અને પાલનપુર ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ઓફિસર સંપત સુથારનાં જણાવ્યા મુજબ, આગ આખા બેડરૂમમાં ફેલાઈ ગઈ હતી. તેથી ફાયર બ્રિગેડની ટીમે તુરંત જ આગને કાબૂમાં લેવાની કવાયત શરૂ કરી હતી. જ્યારે ઘટના બની હતી ત્યારે બંગલામાં રહેતા સભ્યો પૈકી કિંજલબેન દલાલ (40), પારુલબેન દલાલ (72), અનસૂયાબેન દલાલ (92), નંદિનીબેન (15) અને છ વર્ષનો રિયાન હાજર હતો. આગ લાગતાં તમામ પહેલેથી જ સલામત રીતે બહાર નીકળી ગયા હતા. આગ પર કાબૂ મેળવ્યા બાદ ફાયર જવાનોએ બેડરૂમમાં તપાસ કરતાં કબાટમાં રહેલો સામાન અને આશરે રૂ.બે લાખની રોકડ મળી આવી હતી.

# પાલ ગૌરવપથ રોડની ગ્રીની રેસ્ટોરન્ટમાં આગ ભભૂકી

સુરત : પાલ ગૌરવપથ રોડ સ્થિત મોનાર્ક સર્કલ સામે ફૂડકોડમાં ગ્રીની રેસ્ટોરન્ટમાં આજે વહેલી સવારે આગ લાગવાના બનાવને કારણે ભયનો માહોલ ફેલાયો હતો. કોલ મળતાની સાથે જ પાલનપુર ફાયરનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર ધવલ મોહિતે જણાવ્યું હતુ કે, રેસ્ટોરન્ટ સંચાલકે ફ્રેન્ચ ફ્રાઈઝનુ મશીન શરૂ કર્યુ હતુ. જેમાં રહેલુ તેલ ઓવર હિટ થતા આગ લાગવાની શરૂઆત થઈ હતી. આગ ફેલાતા સંચાલકે પાણીનો મારો ચલાવ્યો હતો. રેસ્ટોરન્ટ સંચાલકે ફાયર બ્રિગેડને જાણ કરતા ઉપર પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવવાથી આગ વધુ ન ફેલાઈ તેની તકેદારી રાખી ભીનુ કપડુ ડીપ ફ્રાઈ પેન ઉપર થોડી વાર સુધી મુકી રાખીને સ્થિતિને કંટ્રોલમાં કરી લીધી હતી. સવારનાં સમયે રેસ્ટોરન્ટમાં કોઈ ગ્રાહક ન હોવાને કારણે કોઈ જાનહાનિ થઈ ન હતી.

# સુરતમાં રાજ્યની સૌથી મોટી આયુર્વેદની હોસ્પિટલ શરૂ થઈ

**હોસ્પિટલમાં** નિ:શુલ્ક પ્રકૃતિ પરીક્ષણ અને સ્વાસ્થ્ય જાગૃતિ માટે વિશેષ પ્રદર્શનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

સુરતઃ જહાંગીરપુરામાં ઈસ્કોન મંદિર નજીક જોગી આયુર્વેદ દ્વારા એક લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલી મલ્ટિસ્પેશિયાલિટી આયુર્વેદ હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે. 50 બેડની સુવિધા ધરાવતી આ હોસ્પિટલમાં 10થી વધુ સ્પેશિયાલિટી OPD સાથે આયુર્વેદિક કન્સલ્ટેશન, પંચકર્મ, દાખલ થઈને સારવાર, ફિઝિયોથેરાપી અને વેલનેસ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હોસ્પિટલનું ઉદ્ઘાટન SGVPના પ્રમુખ માધવપ્રિયદાસજી સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા ઉપસ્થિત રહ્યા હતા.

હોસ્પિટલમાં પાચનતંત્ર, સ્કિન અને હેરકેર, કાર્ડિયોલોજી, ગાયનેકોલોજી, ઈએનટી, યુરોલોજી, સ્પાઈન કેર અને પેઈન મેનેજમેન્ટ સહિતની સેવાઓ મળશે. દર્દીઓ માટે લેબોરેટરી તપાસ, વિશેષ આહાર માર્ગદર્શન, ઓનલાઈન કન્સલ્ટેશન અને ઘરે દવાઓ પહોંચાડવાની સુવિધા પણ શરૂ કરાઈ છે. સ્થાપક નિલેશ જોગલેએ જણાવ્યું હતું કે, 2005થી આયુર્વેદને વધુ લોકો સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે કાર્યરત સંસ્થાની આ નવી પહેલ છે. હોસ્પિટલમાં નિ:શુલ્ક પ્રકૃતિ પરીક્ષણ અને સ્વાસ્થ્ય જાગૃતિ માટે વિશેષ પ્રદર્શનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિતેલા કેટલાક વર્ષોમાં આયુર્વેદ તરફ લોકોનો ઝુકાવ વધી રહ્યો છે. અત્યાર સુધી એલોપેથી માટે જ મોટી મોટી હોસ્પિટલના નિર્માણ થયા છે પરંતુ હવે આ હોસ્પિટલ શરુ થઈ જવાના કારણે સુરતના દર્દીઓને તેનો લાભ મળી શકશે.

# દશેરા પૂર્વે સુરત મનપાના ફૂડ વિભાગના દરોડા

**19 સંસ્થાઓમાંથી** જલેબી-ફાફડાના 35 નમૂના લેવાયા

**લેબ** રિપોર્ટ આવ્યા બાદ ભેળસેળ કરનાર વેપારીઓ સામે ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ પગલાં લેવાશે



સુરત : આગામી દશેરાના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને શહેરભરમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તાની તપાસ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તહેવારો દરમિયાન નાગરિકોના આરોગ્ય સાથે કોઈ ચેડાં ન થાય તેવા ઉદ્દેશ્યથી મનપાના ફુડ વિભાગના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા તા 16-10-2026 થી 18-10-2026 દરમિયાન સુરતના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાણીપીણીની દુકાનો અને ઉત્પાદન એકમો પર સઘન સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ત્રણ દિવસીય કામગીરી દરમિયાન શહેરની કુલ 19 જેટલી જાણીતી અને વિવિધ વિસ્તારોની ફરસાણ તથા સ્વીટ્સની સંસ્થાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

આ તપાસ ઝુંબેશ દરમિયાન ફુડ સેફ્ટી ઓફિસરોની ટીમે તહેવારમાં સૌથી વધુ વંચાતા ખાદ્યપદાર્થો જેવા કે જલેબી, ફાફડા અને તેની સાથે પીરસાતી ચટણીના કુલ 35 નમૂનાઓ લેવાયા હતા.

### મનપાના ફૂડ વિભાગ દ્વારા આ 19 સંસ્થામાંથી નમૂના લેવામાં આવ્યાં

**1.** જય ભવાની ફરસાણ માર્ટ - પ્લોટ નંબર 65,66 ન્યુ બરોડા પ્રિસ્ટેજ, એલ.એચ.રોડ, વરાછા, સુરત **2.** શિવ ખમણ અને ફરસાણ હાઉસ - પ્લોટ નં.5, પ્રગતિ નગર, અડાજણ, સુરત **3.** શ્રીનાથજી ફરસાણ - દુકાન નં 3, ગ્રીન પ્લાઝા, અડાજણ, સુરત **4.** વરિયા ફરસાણ માર્ટ - બાપા સીતારામ રેસી. કોઝવે રોડ, સુરત **5.** જ્યોતિ ફરસાણ માર્ટ - દુકાન નં. 1 થી 3, નાકરાની એસ્ટેટ, એલ.એચ.રોડ, સુરત **6.** ન્યુ જય ભવાની ખમણ એન્ડ ફરસાણ - સર્વે નં-4, કૃષ્ણનગર-2, ન્યુ રાંદેર રોડ, સુરત **7.** શ્રી બ્રહ્માણી ફરસાણ માર્ટ - દુકાન નંબર 1 & 2, શ્રી ગણેશ શોપિંગ સેન્ટર, જી.આઈ.ડી.સી. પાંડેસરા, સુરત **8.** મનહરલાલ નગીનદાસ કંપની એન્ડ પ્રા. લિ. - પ્લોટ નં. 6, શેડ નં. 9-10, દોરીવાળા કમ્પાઉન્ડ, ઉધના, સુરત **9.** જય ચામુંડા ફરસાણ માર્ટ - પ્લોટ નં. 51, બીપી કમ્પાઉન્ડ, વરાછા રોડ, સુરત **10.** શ્રીનાથજી સ્વીટ એન્ડ નમકીન - નવસારી બજાર મેઇન રોડ, સુરત **11.** અરવિંદ હિન્દુ હોટેલ (ગાંડા કાકાના ફાફડા) - લાલ દરવાજા, મહિધરપુરા, સુરત **12.** અંબિકા ફરસાણ માર્ટ - લાલ દરવાજા, મહિધરપુરા, સુરત **13.** શ્રી લક્ષ્મી ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ - એ/10, ગોપીનાથ કોમ્પ્લેક્સ, મોટા વરાછા, સુરત **14.** ગોકુલ ગૃહ ઉદ્યોગ - 61, ગ્રાઉંડ ફ્લોર, શક્તિ ઈંડસ્ટ્રીઝ, લસકાણ, સુરત **15.** શ્રી દત્તાત્રય કૃપા ફરસાણ - આશીર્વાદ ટાઉનશિપ-2, બમરોલી રોડ, સુરત **16.** પ્રમુખ ફરસાણ માર્ટ - પ્લોટ નં. 12/13, સર્વોદય નગર સોસાયટી, બમરોલી, સુરત **17.** મટુકી સ્વીટ એન્ડ સ્નેક્સ - તુલસી ચોક પાસે, મોટી વેડ, સુરત **18.** શ્રીજી ફરસાણ - એલ/7, ગોવિંદજી પાર્ક, ઉમરા ગામ, સુરત 19. હરિહર ફરસાણ માર્ટ - ગલેમાંડી મેઇન રોડ, મહીધરપુરા, સુરત

ગોપીપુરામાં ગોરબાઈ માતાજીના મંદિરે

# 250 વર્ષ જૂની કોરડાની પરંપરા આજે પણ જીવંત



**આસો** સુદ સાતમના સાલગીરી પર્વએ માનતા પૂર્ણ થતાં ભક્તો પ્રસાદીરૂપે કોરડો ખાઈ છે

સુરતઃ ગોપીપુરા મોટી છીપવાડ ખાતે આવેલું આશરે 250 વર્ષ પ્રાચીન ગોરબાઈ માતાજીનું મંદિર વર્ષોથી શ્રદ્ધાળુઓની અતૂટ આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. દર વર્ષે આસો સુદ સાતમના દિવસે માતાજીના સાલગીરી પર્વ નિમિત્તે પરંપરાગત રીતે કોરડો કાઢવામાં આવે છે. આ પ્રસંગે માતાજીમાં શ્રદ્ધા ધરાવતા અને પોતાની માનતા પૂર્ણ થયેલી હોય તેવા ભક્તો જાહેર ચોકમાં પ્રસાદીરૂપે કોરડો ખાઈ ધન્યતા અનુભવે છે. ગોરબાઈ માતાજીના મંદિર ખાતે સાલગીરી પર્વની ઉજવણી દરમિયાન વર્ષો જૂની આ પરંપરાના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓ એકત્રિત થાય છે. માતાજી પ્રત્યેની શ્રદ્ધા અને માન્યતાના પ્રતીકરૂપે ભક્તો કોરડો ખાવાની વિધિમાં જોડાય છે. સમયના પરિવર્તન વચ્ચે પણ ગોરબાઈ માતાજીના મંદિરની આ પરંપરા જળવાઈ રહી છે.

# ગોડાદરામાં રાંદેરના પોલીસકર્મી પર ૧૫-૨૦ના ટોળાનો જીવલેણ હુમલો

**બાઇક** અથડાવા જેવી સામાન્ય બાબતે વિવાદ વકર્યો

**પત્નીની** નજર સામે જ રસ્તા પર પટકી-પટકીને બેફામ માર માર્યો

### પોલીસકર્મી હોવાની ઓળખ છતાં ઢોરમાર માર્યો

જોતજોતામાં ૧૫થી ૨૦ જેટલા લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસકર્મી આઝાદસિંહને ઘેરી લીધા હતા. તેઓ પોલીસ વિભાગમાં હોવાની ઓળખ આપવા છતાં ટોળાએ કાયદાનો કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા વગર તેમની પત્નીની નજર સામે જ તેમને રસ્તા પર પટકી-પટકીને બેફામ માર માર્યો હતો. અચાનક થયેલા હુમલા અને હોબાળાને પગલે વિસ્તારમાં નાસભાગ અને તણાવપૂર્ણ માહોલ સર્જાયો હતો.

### આનાકાની બાદ મોડી રાત્રે પોલીસે ગુનો નોંધ્યો

ઘટનાની ગંભીરતા જોતા ગોડાદરા પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પ્રાથમિક તબક્કે સ્થાનિક પોલીસ દ્વારા રાજકીય દબાણ હેઠળ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં ઢીલી નીતિ દાખવવામાં આવી રહી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. જોકે, મામલો વધુ ગરમાતા અને પોલીસ બેડામાં રોષ ફેલાતાં, આખરે ગોડાદરા પોલીસે મોડી રાત્રે હુમલાખોરો સામે વિધિવત્ ફરિયાદ નોંધી કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં નવરાત્રિના માહોલ વચ્ચે રાંદેર પોલીસ મથકની પીસીઆર વાનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ આઝાદસિંહ અને તેમની પત્ની પર ૧૫થી ૨૦ અસામાજિક તત્ત્વોના ટોળાંએ ઘાતકી હુમલો કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મળતી વિગતો અનુસાર, રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જમાદાર આઝાદસિંહ પોતાની પત્ની સાથે ગોડાદરા પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન એક બાઇક ચાલક સાથે સામાન્ય વાહન અથડાવાની ઘટના બની હતી. વાતચીત દરમિયાન મામલો ઉગ્ર બન્યો હતો. નજીકમાં જ નવરાત્રિ ગરબા મહોત્સવનું આયોજન હોવાથી ત્યાં હાજર સ્થાનિક રાજકીય આગેવાનના કાર્યકરો અને અસામાજિક તત્ત્વો સ્થળ પર દોડી આવ્યા હતા.

# પુણાગામમાં હોટફિક્સના કચરામાં આગના બનાવો અટકતા જ નથી

**ગુલાબો** ચોક નજીક ખુલ્લી જગ્યામાં શનિવારે રાત્રે આગ ભભૂકી



સુરતઃ પુણાગામમાં ગુલાબો ચોકની આસપાસ રહેણાક વિસ્તારમાં હોટફિક્સનો કચરો ઠાલવવામાં આવતો હોવાને કારણે આગ લાગવાની ઘટનાઓ સ્થાનિક લોકો માટે ચિંતાનો વિષય બની રહી છે. શનિવારે રાત્રે ખુલ્લી જગ્યામાં અચાનક આગ ભભૂકી ઊઠતાં આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આગે જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ઊંચી જ્વાળાઓ ઊઠવા લાગી હતી. સાથે જ ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા.

જાણ થતાં પુણા ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ફાયર ઓફિસર પ્રવિણ ચૌધરીનાં જણાવ્યા પ્રમાણે આશરે અડધા કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

### સતત આગના બનાવો છતાં કાયમી ઉકેલ જ નથી

પુણાગામની ખુલ્લી જગ્યાઓમાં હોટફિક્સનો કચરો ઠાલવવામાં આવતો હોય અને તેમાં વારંવાર આગ લાગતી હોય તો માત્ર ફાયર બ્રિગેડ દ્વારા આગ બુઝાવવાની કામગીરી પૂરતી ગણાય નહીં. કચરો કોણ ઠાલવે છે, તેનો નિકાલ નિયમ મુજબ થાય છે કે નહીં અને આવી જગ્યાઓ પર દેખરેખ રાખવાની જવાબદારી કોની છે તેવા પ્રશ્નો મહત્ત્વના બન્યા છે. જે સાથે લોકોમાં રોષ પણઉઠી રહ્યો ચે. રહેણાક વિસ્તારની નજીક વારંવાર આગ લાગવાથી ધુમાડો આસપાસના લોકો માટે પણ મુશ્કેલી ઊભી કરી શકે છે. આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવા માટે જવાબદાર તંત્રએ ખુલ્લી જગ્યાઓમાં કચરો ઠાલવવા સામે અસરકારક કાર્યવાહી કરી નિયમિત દેખરેખ રાખવી જરૂરી છે. કારણ કે આગ લાગ્યા બાદ દોડતી થતી તંત્રની કામગીરી સામે બેદરકારીના સવાલો ઊભા થતા રહેશે.

# બે કૂતરાં બે દિવસ સુધી 30 ફૂટના ભોંયરામાં મદદ માટે રડતાં રહ્યાં

**રિંગ** રોડ વિસ્તારમાં બે માર્કેટની વચ્ચે ભોંયરામાં ફસાયેલા બંને કૂતરાંને જીવદયા પ્રેમી અને ફાયર બ્રિગેડે દોરડાથી બહાર કાઢ્યા



સુરત : સુરતના રિંગ રોડ વિસ્તારમાં બે માર્કેટની વચ્ચે આવેલા 30 ફૂટ ઊંડા ભોંયરામાં બે દિવસથી બે કૂતરા ફસાયા હતા જેઓ બહાર નીકળવા માટે રડી રહ્યાં હતાં. જેની જાણ થતાં જીવદયા પ્રેમીઓએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી અને દોરડાની મદદથી બંનેને બહાર કાઢવામાં આવ્યા હતાં.

સુરતના રિંગ રોડ વિસ્તારમાં બે માર્કેટની વચ્ચે આવેલા 30 ફૂટ ઊંડા ભોંયરામાં બે દિવસથી કૂતરા રડી રહ્યાં હતાં. જેની જાણ થતાં જીવદયા પ્રેમીઓ જીતેન્દ્ર કોઠારી, ભંવર કુમાર અને અલ્પેશ બારોટ ત્યાં પહોંચ્યા હતાં. ભોંયરુ ખૂબ ઊંડુ હતું અને નીચે ઉતરે તો ગભરાયેલા કૂતરા હુમલો કરે તેમ હોવાથી ફાયરને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયરના જવાનો હાર્દિક પટેલ, વાઝિક ટંડેલ, નિષાદ પટેલ અને મહેશ ચૌહાણ ત્યાં પહોંચ્યા હતાં. આ બંને ટીમે ત્રણ કલાકની જહેમત બાદ બંને કૂતરાને દોરડામાં ફસાવીને સલામત રીતે બહાર કાઢ્યા હતાં. આ કૂતરાઓને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. કૂતરાઓ ગભરાયેલા હતા અને દોરડાના ફંદામાં ફસાતા ન હતાં. જો કે ત્રણ કલાકની મહેનત બાદ બંનેને બહાર કાઢવામાં આવ્યા હતાં.